by NAAC
.D SOUTH GUJARAT UNIVERSITY
na-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
ગુજરાત યુનિવર્સિટી
દલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

સંદર્ભ:યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્ર ક્રમાંક:ઓથો/પરિપત્ર/૧૯૬૪૫/૨૦૨૬, તા.૨૩/૦૮/૨૦૨૬

# -: સુધારેલ પરિપત્ર :-

યુનિવર્સિટીના શૈક્ષણિક વિભાગના વડાશ્રીઓ અને યુનિવર્સિટી સંલગ્ન LL.M. સેન્ટરો ચલાવતી લો કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ થી અમલમાં આવનાર LL. M. અભ્યાસક્રમ માટેના નિયમો અંગે કાનુન વિદ્યાશાખાની તા.૨૭/૦૭/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંક:૪ થી કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૮/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૨૨ થી કરેલ ભલામણ સ્વીકારી એકઝીકયુટીવ કાઉન્સિલની તા.૧૧/૦૮/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંક:૨૩ થી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણને બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૧/૦૮/૨૦૨૬ની સભાનાં ઠરાવ ક્રમાંક:૧૨ થી સ્વીકારી મંજૂર કરેલ છે. જેનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

ક્રમાંક:ઓથો/પરિપત્ર/૨૦૮૧૫/૧/૨૦૨૬
તા.૦૮/૦૯/૨૦૨૬

કુલસચિવ(ઇ/ચા)

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ LL.M. સેન્ટરો ચલાવતી લો કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા ડિપાર્ટમેન્ટના વડાશ્રી.
.....આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) ઈ.ચા. ડીનશ્રી, કાનુન વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.

એકેડેમિક કાઉન્સિલ તા. 03-08-2026
બાબત 22 બિડાણ/પરિશિષ્ટ 01

# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

## RULES FOR INSTITUTIONS CONDUCTING LL.M. PROGRAMME

## w.e.f 2026-2027

### Rule 1 Eligibility for Admission

(1) A candidate possessing LL.B. Degree (Three-Year) or Five-Year Integrated Law Degree of a recognized University with not less than 50% marks or equivalent grade shall be eligible for admission.

(2) Reservation policy of the Government of Gujarat and the University shall be applicable.

(3) A candidate who has passed LL.M. examination from any other University shall be eligible for admission only to the First semester of LL.M. Programme of this University as a fresh student. Grades/Credits/marks obtained in LL.M. outside Veer Narmad South Gujarat University will not be considered for award of LL.M. Degree.

(4) A candidate who has obtained LL.M. degree of Veer Narmad South Gujarat University in one area of specialization will be eligible for admission in First semester of LL.M. with another area of specialization only as a fresh student. Grades/Marks/Credits obtained in LL.M. in previous area of specialization will not be considered or carried forward nor any exemption in any paper will be given.

### Rule 2 Conditions for eligibility to appear in End Semester External Examination

(1) A student shall be eligible to appear in the End Semester External examination conducted by the University provided:

(i) A student has secured not less than 75% attendance arrived at by taking into account total number of lectures engaged, in each and every paper of the semester. Relaxation in the requirement for semester attendance will be allowed on account of maternity or any other medical reason deemed sufficient by the Head/Principal/ Professor-in-charge of the institution. Appropriate medical certificate shall have to be submitted by the candidate within reasonable time frame. The student shall be eligible to appear in the End Semester Examination for the semester in which such relaxation is granted to the candidate.

(ii) The student has secured minimum requisite marks for passing in the internal test, attendance, seminar, assignment and all other forms of continuous assessment.

### Rule 3 Eligibility for award of LL.M. Degree

The Programme of LL.M. Degree shall be of two-year duration comprising of four semesters. LL.M. degree shall be awarded to the student upon successful passing of all the four semesters.

### Rule 4 Course Structure

(1) The LL.M. Programme shall be full-time post-graduate programme of two-year duration comprising of four semesters.

(2) Each semester shall consist of not less than fifteen teaching weeks.

(3) The LL.M. Programe comprising of four semesters with Semester-I and Semester-II in the First Year of the Programme and Semester-III and Semester-IV in the second year of the Programme. The Semester-I and Semester-III (odd semesters) shall ordinarily be from July to November/December and the Semester-II and Semester-IV (Even semesters) from December to April/May.

(4) The medium of instruction shall ordinarily be English and Gujarati. Students may write examinations in English, Gujarati or Hindi as permitted by the University.

(5) The programme shall consist of ninety-six credits divided into twenty-four credits in each semester.

(6) Core papers, elective papers, dissertation and practical/project work shall be compulsory as prescribed in the syllabus.

(7) The LL.M. programme shall comprise of following types of papers/courses.

(i) Core courses: Six Core (foundation) papers will be common for all elective specialization groups.

(ii) Elective Course: Twelve elective course papers for each of the specialization group.

(iii) Research and Practical Components: During the Fourth Semester, the following components shall be compulsory for all Specialization Groups and shall collectively carry 24 credits:

- Dissertation – 8 Credits
- Doctrinal Research – 4 Credits
- Non-Doctrinal Research – 4 Credits
- Clinical Research Report – 4 Credits
- Classroom Teaching – 4 Credits

**Rule 5 Promotion and Progression**

(1) The student shall have requisite attendance, must have appeared in the internal written test of each course / paper and has secured minimum passing marks internal assessment of each course / paper shall be eligible for grant of respective semester.

(2) A student shall be allowed to proceed to semester II, if his/her semester I has been fully granted as per clause (1) above.

(3) A student shall be allowed to proceed to semester III, if his/her semester II has been fully granted as per clause (1) above.

(4) A student shall be allowed to proceed to semester IV only if his/her semester III has been fully granted as per clause (1) above.

(5) The student shall be eligible for the award of LL.M. Degree after successfully passing all papers/courses of Semesters I, II, III & IV.

(6) The University Rules with regard to gracing of marks shall be followed.

**Rule 6 Assessment and Examination**

(1) Each paper/course will be assessed on basis of 100 marks. The marks will be divided into two heads internal assessment and external examination.

**Assessment System**

| Sr. No. | Type of Course | Total Marks | Internal | External (Uni. Exam) |
|---|---|---|---|---|
| 1. | Core (4 Credits each) | 100 | 30 | 70 |
| 2. | Elective (4 Credits each) | 100 | 30 | 70 |

| | | | | |
|---|---|---|---|---|
| 3. | Dissertation (8 Credits) | 200 | --- | 140 Written + 60 Viva Voce |
| 4. | **Project/Practical Work**<br>(i) Doctrinal Research (4 Credits)<br>(ii) Non-Doctrinal Research (4 Credits)<br>(iii) Clinical Research Report (4 Credits)<br>(iv) Classroom Teaching (4 Credits | 100 | --- | 100 |

(2) There shall be external examination (University examination) of each paper/course of 70 marks in every semester. For Dissertation, the assessment weightage shall be 140 marks for written thesis and 60 marks for Viva voce and for Practical/Project work namely Doctrinal Research, Non-Doctrinal Research, Clinical Research Report and Classroom Teaching, the weightage shall be total 100 marks of which 25 marks for each component of the Practical/Project Work.

(3) Each paper/course shall have internal assessment of 30 marks with weightage based on the following –

| | |
|---|---|
| Internal Written Test | 15 Marks |
| Attendance | 05 Marks |
| Seminar/Presentation | 05 Marks |
| Assignment | 05 Marks |
| **Total** | **30 Marks** |

(4) A student shall secure minimum passing marks separately in internal assessment of each subject.

(5) Minimum passing marks shall be:

(a) 28 marks out of 70 in external examination;
(b) 12 marks out of 30 in internal assessment;
(c) 40 marks in aggregate in each paper.

(6) A student shall secure at least fifty percent aggregate marks in each semester for successful completion.

(7) Failure in internal assessment shall disqualify the student from appearing in the end semester examination of that paper.

(8) Where a student fails to appear for the internal examination due to a genuine and sufficient cause, Principal of College or Head of Department, as the case may be, may, after being satisfied about the genuineness of the reason, permit the student to appear in a supplementary internal examination.

(9) Every Institution shall prepare and strictly adhere to the approved timetable for conducting lectures, tutorials, seminars, practical sessions and other academic activities, and shall ensure completion of the prescribed syllabus and teaching hours within the schedule prescribed by the University and the Bar Council of India.

(10) Every Institution conducting the LL.M. Programme shall prepare and display the approved timetable on the Notice Board before the commencement of each semester and shall ensure its due compliance.

(11) The Institution shall, on the request of a student, permit the student to view his/her own evaluated Internal Assessment answer book

(12) The Institution shall ensure that all students comply with the dress code.

(13) A student who secures at least 50% marks in Dissertation and 50% marks in Practical/Project (doctrinal research, non-doctrinal research, clinical research report and classroom teaching) these marks shall be carried forward. In case the candidate fails to secure 50% in the Dissertation and/or

50% marks in the Practical/Project Work, he/she shall have to submit the Dissertation and/or Practical Project Works, afresh in the subsequent Academic Year, and his/her term granted have not lapsed.

(14) Failure in internal assessment of any paper/course shall debar the student from appearing in the End-Semester University Examination of the respective semester. Examination forms, if sent to the University, shall be withdrawn in such cases.

(15) A student who has secured minimum passing marks in the internal component of any paper/course such internal marks shall be carried forward till the student successfully passes the respective semester.

(16) Each core and elective paper in a semester shall have 4 credits with 3 hours of class lectures and 1 hour of seminar/assignment/class participation per week. One credit will be equal to one contact hour per week.

(17) The calculation of SGPA and CGPA shall be followed as per the University System.

**Rule 7 Syllabi Revision**

(1) Syllabus of every paper/course shall be generally revised every three years.

(2) Revised syllabi of each semester shall be implemented in sequential manner.

(3) In a paper/course where units/topics/subject relate to government provisions, regulations legislations, enactments etc., such changes in the syllabi will be accommodated automatically, with information through University by requisite resolutions of the University's academic bodies, to the respective Department / affiliated Law Colleges.

(4) All requisite formalities for revision in the syllabi shall be completed before the end of the 2nd / 4th semester, for implementation in the subsequent academic year.

**Rule 8 Format of Question Paper**

(1) Each question paper of 70 marks of External (University) Examination will be 3 hours duration and will comprise generally of Five questions, each question will be ordinarily of 14 marks. The questions normally will be in nature of analytical elaborate long questions and short questions.

(2) Each Internal Assessment question paper shall carry 45 marks and shall be of one and a half (1½) hours' duration. The question paper shall ordinarily consist of six (6) questions of 15 marks each, out of which the student shall be required to answer any three (3) questions. The nature and standard of the questions shall, as far as practicable, be similar to those prescribed for the External (University) Examination.

**Rule 9 Dissertation and Practical/Project Work**

(1) Dissertation shall carry eight credits.

(2) Every student shall undertake:

(a) Doctrinal Research;
(b) Non-Doctrinal Research;
(c) Clinical Research Report; and
(d) Classroom Teaching,

each carrying four credits.

(3) Topics for dissertation and research projects shall be approved by the Postgraduate Committee constituted by the Department / Law Colleges affiliated with University.

(4) Dissertation and project work shall be submitted within the prescribed period.

(5) Dissertation shall be evaluated through written thesis and viva voce examination.

(6) Plagiarism shall be dealt with in accordance with UGC Regulations and University rules.

(7) Every student shall compulsorily attach, along with his/her Dissertation, Doctrinal Research Report, Non-Doctrinal Research Report, and Clinical Research Report, all Preliminary Pages, Certificates, Declarations, Statements, and such other documents as may be prescribed by the University or the Department from time to time. These shall include, inter alia, the following:

- Cover Page
- Declaration of the Candidate
- Declaration of Originality
- Guide's Certificate
- Acknowledgement
- List of Abbreviations
- List of Cases
- List of Statutes
- Table of Contents
- Such other documents as may be prescribed by the Department or the University from time to time.

No Dissertation or Research Report shall be accepted for evaluation unless all the above mandatory documents are attached in the prescribed format.

**Rule 10 Library and Research Facilities**

Each institution shall ensure the availability of adequate library resources, databases, research facilities, and a sufficient number of books and reference materials covering both existing laws and newly enacted or amended laws, so as to ensure reasonable access for all students.

**Rule 11 Faculty Requirement**

(1) Institutions shall have adequate full-time teachers possessing qualifications prescribed by UGC and BCI.

(2) Dissertation and Practical/Project Work shall be supervised by permanent senior faculty members of the Department or an affiliated Law College who are recognized by the University.

**Rule 12 Teaching Methodology**

Teaching shall include—

(a) Lectures;
(b) Seminars;
(c) Tutorials;
(d) Assignments;
(e) Presentations;
(f) Workshops;
(g) Classroom Teaching;
(h) Clinical and empirical research activities.

**Rule 13 Infrastructure**

Every institution shall provide—

(a) Adequate classrooms;
(b) Library and reading facilities;
(c) Internet and computer facilities;
(d) Online databases and ICT facilities;
(e) Research and seminar facilities;
(f) Necessary academic and administrative support.

**Rule 14 Evaluation and Records**

Institutions shall maintain the following records for a minimum period of one academic year:

(a) Attendance registers;
(b) Internal assessment records;
(c) Research records;
(d) Dissertation records;
(e) Examination records;
(f) Results and related documents.

**Rule 15 Student Welfare and Committees**

Every institution shall constitute—

(a) Anti-Ragging Committee;
(b) Internal Complaints Committee;
(c) Grievance Redressal Committee;
(d) Equal Opportunity Cell;
(e) SC/ST Cell;
(f) RTI Cell;
(g) Research Ethics Committee;
(h) Mentor-Mentee System.
(i) Psychological Guidance and Counselling Centre

**Rule 16 Compliance**

All institutions shall comply with—

(a) Bar Council of India Rules;
(b) UGC Regulations;
(c) University Ordinances and Regulations;
(d) Anti-Ragging Regulations;
(e) UGC Regulations on Academic Integrity and Prevention of Plagiarism;
(f) Directions issued by the University, State and Government and Central Government from time to time.

# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

## RULES FOR INSTITUTIONS CONDUCTING LL.M. PROGRAMME

**w.e.f. 2026-2027**

### નિયમ–1 : પ્રવેશ માટેની પાત્રતા

(1) માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી ત્રણ વર્ષીય એલએલ.બી. (LL.B.) ડિગ્રી અથવા પાંચ વર્ષીય એકીકૃત કાયદા (Integrated Law) ની ડિગ્રીમાં ઓછામાં ઓછા 50% ગુણ અથવા સમકક્ષ ગ્રેડ પ્રાપ્ત કરેલ ઉમેદવાર પ્રવેશ માટે પાત્ર ગણાશે.

(2) પ્રવેશ પ્રક્રિયામાં ગુજરાત સરકાર તથા યુનિવર્સિટીની અમલમાં રહેલી અનામત (Reservation) નીતિ લાગુ પડશે.

(3) અન્ય કોઈ યુનિવર્સિટીમાંથી એલએલ.એમ. (LL.M.) પરીક્ષા પાસ કરેલ ઉમેદવારને આ યુનિવર્સિટીના એલએલ.એમ. અભ્યાસક્રમના માત્ર પ્રથમ સેમેસ્ટરમાં જ નવા વિદ્યાર્થી તરીકે પ્રવેશ માટે પાત્રતા રહેશે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીમાં એલએલ.એમ. અભ્યાસક્રમ દરમિયાન મેળવેલ ગ્રેડ, ક્રેડિટ અથવા ગુણ આ યુનિવર્સિટીની એલએલ.એમ. ડિગ્રી એનાયત કરવા માટે માન્ય ગણાશે નહીં.

(4) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી એલએલ.એમ.ની એક સ્પેશિયલાઇઝેશન માં ડિગ્રી પ્રાપ્ત કરેલ ઉમેદવારને અન્ય સ્પેશિયલાઇઝેશન હેઠળના એલએલ.એમ. અભ્યાસક્રમમાં માત્ર પ્રથમ સેમેસ્ટરમાં નવા વિદ્યાર્થી તરીકે જ પ્રવેશ આપવામાં આવશે. અગાઉની સ્પેશિયલાઇઝેશનમાં પ્રાપ્ત કરેલ ગ્રેડ, ગુણ અથવા ક્રેડિટ કોઈપણ રીતે માન્ય ગણાશે નહીં કે આગળ ધપાવવામાં આવશે નહીં તથા કોઈપણ વિષયમાં મુક્તિ (Exemption) આપવામાં આવશે નહીં.

### નિયમ–2 : સેમેસ્ટર અંતની બાહ્ય પરીક્ષામાં બેસવા માટેની પાત્રતાની શરતો

(1) વિદ્યાર્થી યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી સેમેસ્ટર અંતની બાહ્ય પરીક્ષામાં બેસવા માટે નીચે દર્શાવેલ શરતો પૂર્ણ કરેલ હોવો જોઈએ:

(i) વિદ્યાર્થીએ સંબંધિત સેમેસ્ટરના દરેક વિષય (પેપર)માં લેવાયેલ કુલ વ્યાખ્યાનો (Lectures) ના આધારે ઓછામાં ઓછી **75% હાજરી** નોંધાવેલી હોવી આવશ્યક છે. ગર્ભાવસ્થા (Maternity) અથવા સંસ્થાના વિભાગાધ્યક્ષ/પ્રાચાર્ય/પ્રોફેસર-ઇન-ચાર્જ દ્વારા પૂરતા અને યોગ્ય માનવામાં આવતા અન્ય કોઈ તબીબી કારણસર સેમેસ્ટરની હાજરીની શરતમાં છૂટછાટ (Relaxation) આપવામાં આવી શકશે. તે માટે ઉમેદવારે યોગ્ય તબીબી પ્રમાણપત્ર (Medical Certificate) વાજબી સમયમર્યાદામાં રજૂ કરવાનું રહેશે. આવી છૂટછાટ મંજૂર થયેલ વિદ્યાર્થીને તે સંબંધિત સેમેસ્ટરની સેમેસ્ટર અંતની બાહ્ય પરીક્ષામાં બેસવાની પાત્રતા રહેશે.

(ii) વિદ્યાર્થીએ આંતરિક પરીક્ષા, હાજરી, સેમિનાર, અસાઇનમેન્ટ તથા સતત મૂલ્યાંકન (Continuous Assessment)ના અન્ય તમામ ઘટકોમાં પાસ થવા માટેના નિર્ધારિત લઘુત્તમ ગુણ પ્રાપ્ત કરેલા હોવા જોઈએ.

### નિયમ–3 : એલએલ.એમ. (LL.M.) ડિગ્રી એનાયત કરવાની પાત્રતા

એલએલ.એમ. (LL.M.) અભ્યાસક્રમની અવધિ બે વર્ષની રહેશે, જેમાં ચાર સેમેસ્ટરનો સમાવેશ થશે. વિદ્યાર્થીએ ચારેય સેમેસ્ટરની તમામ પરીક્ષાઓ તથા અભ્યાસક્રમની અન્ય નિર્ધારિત આવશ્યકતાઓ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ તેને એલએલ.એમ. (LL.M.) ડિગ્રી એનાયત કરવામાં આવશે.

## નિયમ–4 : અભ્યાસક્રમનું માળખું (Course Structure)

(1) એલએલ.એમ. (LL.M.) અભ્યાસક્રમ બે વર્ષની અવધિનો પૂર્ણ સમય (Full-time) અનુસ્નાતક (Postgraduate) અભ્યાસક્રમ રહેશે, જેમાં કુલ ચાર સેમેસ્ટરનો સમાવેશ થશે.

(2) દરેક સેમેસ્ટરમાં ઓછામાં ઓછા 15 શિક્ષણ અઠવાડિયા (Teaching Weeks) રહેશે.

(3) એલએલ.એમ. અભ્યાસક્રમ ચાર સેમેસ્ટરનો રહેશે, જેમાં પ્રથમ વર્ષમાં સેમેસ્ટર–I અને સેમેસ્ટર–II તથા બીજા વર્ષમાં સેમેસ્ટર–III અને સેમેસ્ટર–IV રહેશે. સામાન્ય રીતે સેમેસ્ટર–I અને સેમેસ્ટર–III (વિષમ સેમેસ્ટર) જુલાઈથી નવેમ્બર/ડિસેમ્બર દરમિયાન અને સેમેસ્ટર–II અને સેમેસ્ટર–IV (સમ સેમેસ્ટર) ડિસેમ્બરથી એપ્રિલ/મે દરમિયાન યોજાશે.

(4) શિક્ષણનું માધ્યમ સામાન્ય રીતે અંગ્રેજી અને ગુજરાતી રહેશે. તેમ છતાં, યુનિવર્સિટીની મંજૂરી અનુસાર વિદ્યાર્થીઓ પરીક્ષા અંગ્રેજી, ગુજરાતી અથવા હિન્દી ભાષામાં આપી શકશે.

(5) સમગ્ર એલએલ.એમ. અભ્યાસક્રમમાં કુલ 96 ક્રેડિટ રહેશે, જેમાં દરેક સેમેસ્ટરમાં 24 ક્રેડિટનો સમાવેશ થશે.

(6) અભ્યાસક્રમમાં અભ્યાસક્રમ મુજબ નિર્ધારિત કોર (Core) વિષયો, વૈકલ્પિક (Elective) વિષયો, Dissertation તથા પ્રાયોગિક/પ્રોજેક્ટ કાર્ય ફરજિયાત રહેશે.

(7) એલએલ.એમ. અભ્યાસક્રમમાં નીચે મુજબના પ્રકારના વિષયો/અભ્યાસક્રમોનો સમાવેશ થશે:

(i) **કોર અભ્યાસક્રમ:** બધા વિશેષતા (Specialization) જૂથો માટે છ (6) કોર (Foundation) વિષયો સામાન્ય રહેશે.

(ii) **વૈકલ્પિક અભ્યાસક્રમ:** દરેક વિશેષતા (Specialization) જૂથ માટે બાર (12) વૈકલ્પિક વિષયો રહેશે.

(iii) **સંશોધન અને પ્રાયોગિક ઘટકો:** ચોથા સેમેસ્ટરમાં તમામ વિશેષતા જૂથો માટે નીચેના ઘટકો ફરજિયાત રહેશે, જે મળીને 24 ક્રેડિટના રહેશે:

- Dissertation – 8 ક્રેડિટ
- સૈદ્ધાંતિક સંશોધન (Doctrinal Research) – 4 ક્રેડિટ
- બિન-સૈદ્ધાંતિક સંશોધન (Non-Doctrinal Research) – 4 ક્રેડિટ
- ક્લિનિકલ સંશોધન અહેવાલ (Clinical Research Report) – 4 ક્રેડિટ
- વર્ગખંડ શિક્ષણ (Class-room Teaching) – 4 ક્રેડિટ

## નિયમ–5 : સેમેસ્ટરમાં બઢતી (Promotion) અને પ્રગતિ (Progression)

(1) જે વિદ્યાર્થીએ જરૂરી હાજરી પૂર્ણ કરી હોય, દરેક અભ્યાસક્રમ/પેપરની આંતરિક લેખિત પરીક્ષામાં હાજરી આપી હોય તથા દરેક અભ્યાસક્રમ/પેપરના આંતરિક મૂલ્યાંકનમાં નિયત લઘુત્તમ પાસ ગુણ મેળવ્યા હોય, તે જ વિદ્યાર્થી સંબંધિત સેમેસ્ટર મંજૂર થવા માટે પાત્ર ગણાશે.

(2) ઉપરોક્ત પેટા-નિયમ (1) મુજબ સેમેસ્ટર–I સંપૂર્ણપણે મંજૂર (Granted) થયેલ હોય તો જ વિદ્યાર્થીને સેમેસ્ટર–II માં પ્રવેશ (Progression) આપવામાં આવશે.

(3) ઉપરોક્ત પેટા-નિયમ (1) મુજબ સેમેસ્ટર–II સંપૂર્ણપણે મંજૂર (Granted) થયેલ હોય તો જ વિદ્યાર્થીને સેમેસ્ટર–III માં પ્રવેશ (Progression) આપવામાં આવશે.

(4) ઉપરોક્ત પેટા-નિયમ (1) મુજબ સેમેસ્ટર–III સંપૂર્ણપણે મંજૂર (Granted) થયેલ હોય તો જ વિદ્યાર્થીને સેમેસ્ટર–IV માં પ્રવેશ (Progression) આપવામાં આવશે.

(5) વિદ્યાર્થીએ સેમેસ્ટર–I, II, III અને IV ના તમામ વિષયો/અભ્યાસક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ જ તે એલએલ.એમ. (LL.M.) ડિગ્રી મેળવવા માટે પાત્ર બનશે.

(6) ગુણમાં ગ્રેસ (Grace Marks) આપવાના સંદર્ભમાં યુનિવર્સિટીના અમલમાં રહેલા નિયમો અનુસરવામાં આવશે.

## નિયમ–6 : મૂલ્યાંકન અને પરીક્ષા (Assessment and Examination)

(1) દરેક વિષય/અભ્યાસક્રમનું મૂલ્યાંકન કુલ 100 ગુણના ધોરણે કરવામાં આવશે. ગુણનું વિભાજન આંતરિક મૂલ્યાંકન અને બાહ્ય પરીક્ષા (University Examination) એમ બે ભાગમાં રહેશે.

| ક્રમાંક | વિષય/અભ્યાસક્રમનો પ્રકાર | કુલ ગુણ | આંતરિક મૂલ્યાંકન | બાહ્ય પરીક્ષા (યુનિવર્સિટી) |
|---|---|---|---|---|
| 1 | કોર વિષય (Core) – 4 ક્રેડિટ | 100 | 30 | 70 |
| 2 | વૈકલ્પિક વિષય (Elective) – 4 ક્રેડિટ | 100 | 30 | 70 |
| 3 | Dissertation – 8 ક્રેડિટ | 200 | -- | 140 (લેખિત) + 60 (વાઇવા-વોસ) |
| 4 | પ્રોજેક્ટ/પ્રાયોગિક કાર્ય (દરેક 4 ક્રેડિટ) – (i) સૈદ્ધાંતિક સંશોધન (Doctrinal Research) (ii) બિન-સૈદ્ધાંતિક સંશોધન (Non-Doctrinal Research) (iii) ક્લિનિકલ સંશોધન અહેવાલ (Clinical Research Report) (iv) વર્ગખંડ શિક્ષણ (Class-room Teaching) | 100 | -- | 100 |

(2) દરેક સેમેસ્ટરમાં દરેક કોર તથા વૈકલ્પિક વિષય માટે 70 ગુણની યુનિવર્સિટી બાહ્ય પરીક્ષા લેવામાં આવશે. પરંતુ, Dissertation માટે મૂલ્યાંકન 140 ગુણ લેખિત પ્રબંધ (Written Thesis) તથા 60 ગુણ વાઇવા-વોસે (Viva Voce) એમ કુલ 200 ગુણનું રહેશે. સૈદ્ધાંતિક સંશોધન (Doctrinal Research), બિન-સૈદ્ધાંતિક સંશોધન (Non-Doctrinal Research), ક્લિનિકલ સંશોધન અહેવાલ (Clinical Research Report) અને વર્ગખંડ શિક્ષણ (Class-room Teaching) માટે કુલ 100 ગુણ રહેશે, જેમાં દરેક ઘટક માટે 25 ગુણ ફાળવવામાં આવશે.

(3) દરેક કોર તથા વૈકલ્પિક વિષય માટે 30 ગુણનું આંતરિક મૂલ્યાંકન નીચે મુજબ રહેશે:

| | |
|---|---|
| આંતરિક લેખિત પરીક્ષા | 15 |
| હાજરી | 5 |
| સેમિનાર/પ્રેઝન્ટેશન | 5 |
| અસાઇનમેન્ટ | 5 |
| **કુલ** | **30** |

(4) વિદ્યાર્થીએ દરેક વિષયના આંતરિક મૂલ્યાંકનમાં અલગથી લઘુત્તમ પાસિંગ ગુણ મેળવવા ફરજિયાત રહેશે.

(5) લઘુત્તમ પાસિંગ ગુણ નીચે મુજબ રહેશે:
- (અ) બાહ્ય પરીક્ષા (70 ગુણમાંથી) – 28 ગુણ;
- (બ) આંતરિક મૂલ્યાંકન (30 ગુણમાંથી) – 12 ગુણ;
- (ક) દરેક વિષયમાં કુલ મળીને– 40 ગુણ.

(6) વિદ્યાર્થીએ સંબંધિત સેમેસ્ટરમાં સફળતા મેળવવા માટે તે સેમેસ્ટરના તમામ વિષયોમાં કુલ મળીને ઓછામાં ઓછા 50 ટકા ગુણ પ્રાપ્ત કરવાના રહેશે.

(7) કોઇપણ વિષયના આંતરિક મૂલ્યાંકનમાં નિષ્ફળ રહેનાર વિદ્યાર્થીને તે વિષયની સેમેસ્ટર અંતની યુનિવર્સિટી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(8) જો વિદ્યાર્થી કોઇ વાજબી અને પૂરતા કારણસર આંતરિક પરીક્ષામાં હાજર રહી શક્યો ન હોય, તો સંબંધિત કોલેજના પ્રાચાર્ય અથવા વિભાગના વડા, કારણની વાસ્તવિકતા અંગે સંતોષ પામ્યા બાદ, તેને પૂરક આંતરિક પરીક્ષા (Supplementary Internal Examination) આપવાની મંજૂરી આપી શકશે.

(9) દરેક સંસ્થા વ્યાખ્યાનો (Lectures), ટ્યુટોરિયલ્સ, સેમિનાર, પ્રાયોગિક સત્રો તથા અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે યુનિવર્સિટી દ્વારા મંજૂર સમયપત્રકનું કડક પાલન કરશે તથા યુનિવર્સિટી અને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં અભ્યાસક્રમ અને શિક્ષણ કલાકો પૂર્ણ કરશે.

(10) એલ.એલ.એમ. કાર્યક્રમ ચલાવતી દરેક સંસ્થા દ્વારા દરેક સેમેસ્ટરના પ્રારંભ પહેલાં મંજૂર થયેલ સમયપત્રક નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવશે તથા તેનું પાલન સુનિશ્ચિત કરવામાં આવશે.

(11) વિદ્યાર્થીની વિનંતી પર સંસ્થા દ્વારા વિદ્યાર્થીને પોતાની આંતરિક મૂલ્યાંકનની મૂલ્યાંકિત ઉત્તરવહી જોવા માટેની મંજૂરી આપવામાં આવશે.

(12) સંસ્થા દ્વારા તમામ વિદ્યાર્થીઓ દ્વારા નિયત કરાયેલા ડ્રેસ કોડનું પાલન થાય તેની ખાતરી કરવામાં આવશે.

(13) જે વિદ્યાર્થી Dissertation માં ઓછામાં ઓછા 50 ટકા ગુણ તથા પ્રોજેક્ટ/પ્રાયોગિક કાર્ય (સૈદ્ધાંતિક સંશોધન, બિન-સૈદ્ધાંતિક સંશોધન, ક્લિનિકલ સંશોધન અહેવાલ અને વર્ગખંડ શિક્ષણ)માં ઓછામાં ઓછા 50 ટકા ગુણ પ્રાપ્ત કરશે, તેના તે ગુણ આગળના પ્રયત્ન માટે યથાવત્ (Carry Forward) રહેશે. જો વિદ્યાર્થી Dissertation અને/અથવા પ્રોજેક્ટ/પ્રાયોગિક કાર્યમાં 50 ટકા ગુણ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય, તો તેણે આગામી શૈક્ષણિક વર્ષમાં Dissertation અને/અથવા સંબંધિત પ્રોજેક્ટ/પ્રાયોગિક કાર્ય નવેસરથી રજૂ કરવાનું રહેશે. આવી સ્થિતિમાં અગાઉ મંજૂર થયેલ ટર્મ (Term Granted) રદ ગણાશે નહીં.

(14) કોઈપણ વિષય/અભ્યાસક્રમના આંતરિક મૂલ્યાંકનમાં નિષ્ફળ રહેનાર વિદ્યાર્થીને સંબંધિત સેમેસ્ટરની સેમેસ્ટર અંતની યુનિવર્સિટી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જો પરીક્ષા ફોર્મ યુનિવર્સિટીમાં મોકલવામાં આવ્યું હોય, તો તે પાછું ખેંચવામાં આવશે.

(15) જે વિદ્યાર્થી કોઇ વિષય/અભ્યાસક્રમના આંતરિક મૂલ્યાંકનમાં લઘુત્તમ પાસિંગ ગુણ પ્રાપ્ત કરી ચૂક્યો હોય, તેના તે આંતરિક ગુણ વિદ્યાર્થી સંબંધિત સેમેસ્ટર સફળતાપૂર્વક પૂર્ણ કરે ત્યાં સુધી યથાવત્ (Carry Forward) રહેશે.

(16) દરેક સેમેસ્ટરના કોર તથા વૈકલ્પિક વિષયને 4 ક્રેડિટ આપવામાં આવશે, જેમાં દર અઠવાડિયે 3 કલાક વ્યાખ્યાન (Lectures) તથા 1 કલાક સેમિનાર/અસાઇનમેન્ટ/વર્ગમાં સહભાગિતા (Class Participation) રહેશે. એક ક્રેડિટ દર અઠવાડિયે એક વર્ગ અધ્યયન કલાક (Contact Hour) બરાબર ગણાશે.

(17) SGPA (Semester Grade Point Average) તથા CGPA (Cumulative Grade Point Average) ની ગણતરી યુનિવર્સિટીની અમલમાં રહેલી ક્રેડિટ આધારિત મૂલ્યાંકન પદ્ધતિ અનુસાર કરવામાં આવશે.

## નિયમ-7 : અભ્યાસક્રમમાં સુધારા (Syllabi Revision)

(1) દરેક વિષય/અભ્યાસક્રમના અભ્યાસક્રમ (Syllabus)માં સામાન્ય રીતે દર ત્રણ વર્ષે પુનઃસમીક્ષા (Revision) કરવામાં આવશે.

(2) સુધારાયેલ અભ્યાસક્રમનો અમલ દરેક સેમેસ્ટરમાં ક્રમબદ્ધ રીતે (Sequentially) કરવામાં આવશે.

(3) જે વિષયો અથવા અભ્યાસક્રમના એકમો (Units)/વિષયવસ્તુઓ સરકારની જોગવાઇઓ, નિયમો (Regulations), કાયદાઓ (Legislations), અધિનિયમો (Enactments) અથવા અન્ય વૈધાનિક સુધારાઓ સાથે સંબંધિત હોય, તેમાં થતા ફેરફારો યુનિવર્સિટીના સંબંધિત શૈક્ષણિક સત્તાધિકારીઓના આવશ્યક ઠરાવો (Resolutions) બાદ યુનિવર્સિટી દ્વારા સંબંધિત વિભાગો તથા સંલગ્ન કાયદા મહાવિદ્યાલયોને જાણ કરીને અભ્યાસક્રમમાં આપોઆપ સમાવિષ્ટ કરવામાં આવશે.

(4) અભ્યાસક્રમના પુનઃસુધારા (Revision) સંબંધિત તમામ આવશ્યક પ્રક્રિયાઓ આગામી શૈક્ષણિક વર્ષથી અમલ થાય તે માટે બીજા અથવા ચોથા સેમેસ્ટરના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

## નિયમ-8 : પ્રશ્નપત્રનું સ્વરૂપ (Format of Question Paper)

(1) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી 70 ગુણની બાહ્ય (External) પરીક્ષાનું પ્રશ્નપત્ર 3 કલાકની અવધિનું રહેશે. પ્રશ્નપત્રમાં સામાન્ય રીતે પાંચ પ્રશ્નો હશે અને દરેક પ્રશ્ન 14 ગુણનો રહેશે. પ્રશ્નોનું સ્વરૂપ સામાન્ય રીતે વિશ્લેષણાત્મક (Analytical), વિસ્તૃત ઉત્તરવાળા (Long Answer) તથા ટૂંકા ઉત્તરવાળા (Short Answer) પ્રશ્નોનું રહેશે.

(2) આંતરિક મૂલ્યાંકનની દરેક પ્રશ્નપત્રિકા 45 ગુણની તથા દોઢ (1½) કલાકની રહેશે. પ્રશ્નપત્રિકામાં સામાન્ય રીતે 15 ગુણના કુલ છ (6) પ્રશ્નો રહેશે, જેમાંથી વિદ્યાર્થીએ કોઇપણ ત્રણ (3) પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે. પ્રશ્નોનું સ્વરૂપ અને ધોરણ, શક્ય હોય ત્યાં સુધી, બાહ્ય (યુનિવર્સિટી) પરીક્ષાના પ્રશ્નપત્રને અનુરૂપ રહેશે.

**નિયમ–9 : Dissertation તથા પ્રાયોગિક/પ્રોજેક્ટ કાર્ય (Dissertation and Practical/Project Work)**

(1) Dissertation માટે 8 ક્રેડિટ ફાળવવામાં આવશે.

(2) દરેક વિદ્યાર્થીએ નીચે મુજબના સંશોધન અને પ્રાયોગિક કાર્યો ફરજિયાતપણે પૂર્ણ કરવાના રહેશે, જેમાં દરેક માટે 4 ક્રેડિટ રહેશે:

(અ) સૈદ્ધાંતિક સંશોધન;

(બ) બિન-સૈદ્ધાંતિક સંશોધન;

(ક) ક્લિનિકલ સંશોધન અહેવાલ; અને

(ડ) વર્ગખંડ શિક્ષણ.

(3) Dissertation તથા સંશોધન પ્રોજેક્ટના વિષયોની મંજૂરી સંબંધિત વિભાગ અથવા યુનિવર્સિટી સાથે સંલગ્ન કાયદા મહાવિદ્યાલય દ્વારા રચાયેલી અનુસ્નાતક સમિતિ (Postgraduate Committee) દ્વારા આપવામાં આવશે.

(4) Dissertation તથા પ્રોજેક્ટ કાર્ય યુનિવર્સિટી/વિભાગ દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં જમા કરાવવાનું રહેશે.

(5) Dissertation નું મૂલ્યાંકન લેખિત પ્રબંધ (Written Thesis) તથા મૌખિક પરીક્ષા (Viva Voce) ના આધારે કરવામાં આવશે.

(6) સાહિત્યચોરી (Plagiarism) સંબંધિત બાબતોનો નિકાલ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ના અમલમાં રહેલા નિયમો તથા યુનિવર્સિટીના નિયમો અનુસાર કરવામાં આવશે.

(7) દરેક વિદ્યાર્થીએ પોતાની Dissertation, સૈદ્ધાંતિક સંશોધન અહેવાલ (Doctrinal Research Report), બિન-સૈદ્ધાંતિક સંશોધન અહેવાલ (Non-Doctrinal Research Report) તથા ક્લિનિકલ સંશોધન અહેવાલ (Clinical Research Report) સાથે યુનિવર્સિટી અથવા વિભાગ દ્વારા સમયાંતરે નિર્ધારિત તમામ પ્રાથમિક પૃષ્ઠો (Preliminary Pages), પ્રમાણપત્રો (Certificates), ઘોષણાપત્રો (Declarations), નિવેદનો (Statements) તથા અન્ય જરૂરી દસ્તાવેજો ફરજિયાત જોડવાના રહેશે. તેમાં, અન્ય બાબતો ઉપરાંત, નીચેના દસ્તાવેજોનો સમાવેશ થશે:

- આવરણ પૃષ્ઠ (Cover Page)
- ઉમેદવારનું ઘોષણાપત્ર (Declaration)
- મૌલિકતાનું ઘોષણાપત્ર (Declaration of Originality)
- માર્ગદર્શકનું પ્રમાણપત્ર (Guide's Certificate)
- આભારવિધિ (Acknowledgement)
- સંક્ષિપ્ત શબ્દોની યાદી (List of Abbreviations)
- ન્યાયિક નિર્ણયો/કેસોની યાદી (List of Cases)
- કાયદાઓ/અધિનિયમોની યાદી (List of Statutes)
- વિષયસૂચિ (Table of Contents/Index)
- વિભાગ અથવા યુનિવર્સિટી દ્વારા સમયાંતરે નિર્ધારિત અન્ય જરૂરી દસ્તાવેજો.

નિર્ધારિત સ્વરૂપમાં ઉપરોક્ત તમામ ફરજિયાત દસ્તાવેજો જોડવામાં આવ્યા ન હોય તો કોઇપણ Dissertation અથવા સંશોધન અહેવાલ મૂલ્યાંકન માટે સ્વીકારવામાં આવશે નહીં.

**નિયમ–10 : પુસ્તકાલય અને સંશોધન સુવિધાઓ**

દરેક સંસ્થા વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને સંશોધન સંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પર્યાપ્ત પુસ્તકાલય સંસાધનો (Library Resources), ડેટાબેઝ, સંશોધન સુવિધાઓ તેમજ પ્રચલિત કાયદાઓ તથા નવા ઘડાયેલા અથવા સુધારાયેલા કાયદાઓ સંબંધિત પૂરતી સંખ્યામાં પુસ્તકો અને સંદર્ભ સાહિત્ય ઉપલબ્ધ કરાવશે, જેથી તમામ વિદ્યાર્થીઓને તેનો યોગ્ય અને સમાન ઉપયોગ કરવાની સુવિધા મળી રહે.

## નિયમ-11 : અધ્યાપક મંડળની આવશ્યકતા (Faculty Requirement)

(1) દરેક સંસ્થામાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા દ્વારા નિર્ધારિત લાયકાતો ધરાવતા પૂરતી સંખ્યામાં પૂર્ણ-સમયના (Full-time) અધ્યાપકોની નિમણૂક કરવી ફરજિયાત રહેશે.

(2) Dissertation તથા પ્રાયોગિક/પ્રોજેક્ટ કાર્યનું માર્ગદર્શન વિભાગ અથવા યુનિવર્સિટી સાથે સંલગ્ન કાયદા મહાવિદ્યાલયના યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત કાયમી વરિષ્ઠ અધ્યાપકો (Permanent Senior Faculty Members) દ્વારા કરવામાં આવશે.

## નિયમ-12 : શિક્ષણ પદ્ધતિ (Teaching Methodology)

એલએલ.એમ. અભ્યાસક્રમમાં શિક્ષણની પ્રક્રિયામાં નીચે મુજબની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવશે:

(અ) વ્યાખ્યાન;
(બ) સેમિનાર;
(ક) ટ્યુટોરિયલ્સ;
(ડ) અસાઇનમેન્ટ;
(ઇ) પ્રેઝન્ટેશન;
(ફ) વર્કશોપ;
(ગ) વર્ગખંડ શિક્ષણ; અને
(ઘ) ક્લિનિકલ તથા પ્રાયોગિક સંશોધન પ્રવૃત્તિઓ.

## નિયમ-13 : માળખાગત સુવિધાઓ (Infrastructure)

દરેક સંસ્થાએ નીચે મુજબની જરૂરી શૈક્ષણિક અને માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી ફરજિયાત રહેશે:

(અ) પર્યાપ્ત વર્ગખંડો;
(બ) પુસ્તકાલય તથા વાંચનખંડની સુવિધાઓ;
(ક) ઇન્ટરનેટ તથા કમ્પ્યુટર સુવિધાઓ;
(ડ) ઓનલાઈન ડેટાબેઝ તથા માહિતી અને સંચાર ટેક્નોલોજી (ICT) સુવિધાઓ;
(ઇ) સંશોધન તથા સેમિનાર માટેની સુવિધાઓ; અને
(ફ) જરૂરી શૈક્ષણિક તથા વહીવટી સહાય

## નિયમ-14 : મૂલ્યાંકન અને અભિલેખો (Evaluation and Records)

સંસ્થાઓ દ્વારા નીચે દર્શાવેલ રેકોર્ડ ઓછામાં ઓછા એક શૈક્ષણિક વર્ષ સુધી જાળવી રાખવામાં આવશે:

(અ) હાજરી નોંધપોથી
(બ) આંતરિક મૂલ્યાંકનના અભિલેખો;
(ક) સંશોધન સંબંધિત અભિલેખો;
(ડ) Dissertation સંબંધિત અભિલેખો;
(ઇ) પરીક્ષા સંબંધિત અભિલેખો; અને
(ફ) પરિણામો તથા સંબંધિત દસ્તાવેજો.

**નિયમ–15 : વિદ્યાર્થી કલ્યાણ અને** સમિતિઓ (Student Welfare and Committees)

દરેક સંસ્થાએ નીચે મુજબની સમિતિઓ/વ્યવસ્થાઓની રચના કરવી ફરજિયાત રહેશે:
(અ) એન્ટી-રેગિંગ સમિતિ;
(બ) આંતરિક ફરિયાદ સમિતિ;
(ક) ફરિયાદ નિવારણ સમિતિ;
(ડ) સમાન તક સેલ;
(ઇ) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ સેલ;
(ફ) માહિતીનો અધિકાર (RTI) સેલ;
(ગ) સંશોધન નૈતિકતા સમિતિ;
(ઘ) મેન્ટર–મેન્ટી વ્યવસ્થા; અને
(ચ) માનસિક માર્ગદર્શન અને પરામર્શ કેન્દ્ર.

**નિયમ–16 : નિયમોનું પાલન (Compliance)**

દરેક સંસ્થાએ નીચે મુજબના નિયમો, વિનિયમો અને સૂચનાઓનું પાલન કરવું ફરજિયાત રહેશે:

(અ) બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા ના નિયમો;
(બ) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ના નિયમો અને વિનિયમો;
(ક) યુનિવર્સિટીના અધિનિયમો, વટહુકમો (Ordinances) તથા નિયમો (Regulations);
(ડ) એન્ટી-રેગિંગ સંબંધિત અમલમાં રહેલા નિયમો;
(ઇ) શૈક્ષણિક પ્રામાણિકતા તથા સાહિત્યચોરી નિવારણ અંગેના યુજીસીના નિયમો; અને
(ફ) યુનિવર્સિટી, રાજ્ય સરકાર અને કેન્દ્રીય સરકાર દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતા નિર્દેશો.